Part 5, Chapter-7

પ્રકરણ - (૭)

ભાષાવિધાન અને સંબોધનવિધાન

નાટ્યરચના સમયે નાટ્યકાર અને નાટ્યપ્રયોગ દરમ્યાન નટ પાત્રના દેશ, કાળ અને અવસ્થા અનુરૂપ વિભિન્ન સ્તરની ભાષાનો પ્રયોગ કરે છે. પાત્રની પ્રદેશગત વિશેષતા ઉપસાવવામાં પ્રાંતીય ભાષા અને લોકબોલીનો પ્રયોગ વિશેષ મહત્વનો બની રહે છે. ભરતમુનિએ વિભિન્ન પાત્રોના સંદર્ભમાં, નાટ્યશાસ્ત્રના ૧૮ માં અધ્યાયમાં 'ભાષાવિધાન' અને ૧૮ માં અધ્યાયમાં 'સંબોધન વિધાન'નું નિરુપણ કર્યું છે. જે કવિ (નાટ્યકાર) અને પ્રયોક્તા (નટ) બંને માટે ઉપયોગી છે.

ભાષાવિધાન

નાટ્યશાસ્ત્રના ૧૮ માં અધ્યાયની શરૂઆતમાં ભરતમુનિ એવું વિધાન કરે છે કે પૂર્વ અધ્યાયોમાં 'સંસ્કૃત પાઠ્ય' વિષે કહ્યું હવે હું પ્રાકૃત પાઠ્ય લક્ષણ કહીશ. અર્થાત પૂર્વ કથિત શબ્દવિધાન, વૃત્તવિધાન, લક્ષણવિધાન, અલંકારવિધાન તથા ગુણ-દોષવિધાન એ સંસ્કૃત પાઠ્યના લક્ષણ છે.

પ્રાકૃત - પાઠ્ય વિધાન

(શ્લોક ૨ થી ૨૩)

પ્રાકૃત પાઠ્યની પરિભાષા આપતા ભરતમુનિ જણાવે છે કે સંસ્કૃત પાઠ્ય જ્યારે સંસ્કાર ગુણોથી હીન બની પરિવર્તિત સ્વરૂપવાળું બની જાય છે ત્યારે પ્રાકૃત પાઠ્ય કહેવાય છે. વિભિન્ન દશાઓને લીધે પરિવર્તિત થનારું તેનું વિશેષ સ્વરુપ હોય છે. (શ્લોક ૨)

ભરતમુનિએ પ્રાકૃત પાઠ્યના પ્રકારો નિરુપતા વિધાન કર્યું છે કે, નાટ્યપ્રદર્શન (અથવા રચનામાં) માં પ્રયોજાતું પ્રાકૃત પાઠ્ય ત્રણ પ્રકારનું હોય છે. (૧) સમાન શબ્દો અથવા તત્સમ શબ્દો વડે નિર્મિત પ્રાકૃત પાઠ્ય (૨) વિભ્રષ્ટ અથવા તદ્ભવ શબ્દો વડે નિર્મિત પ્રાકૃત પાઠ્ય તથા (૩) દેશી શબ્દો વડે નિર્મિત પ્રાકૃત પાઠ્ય. (શ્લોક ૩)

ભરતમુનિએ જેને સમાન શબ્દ, વિભ્રષ્ટ તથા દેશીગત પ્રાકૃતિ પાઠ્ય કહયા છે તેને પછીના વ્યાકરણ તથા નાટ્ય આચાર્યોએ તત્સમ, તદ્ભવ અને દેશી શબ્દ એવી સંજ્ઞા આપી છે.

(૧) સમાન શબ્દ

સંસ્કૃતની જેમ પ્રાકૃતમાં પણ કમળ, અમલ, રેણુ, તરંગ, લોલ, સલિલ, વિગેરે સમાન શબ્દોથી નિર્મિત વાકયોનો પ્રયોગ કરવામાં આવે છે. સમાનરુપથી પ્રયુકત આ તત્સમ શબ્દો છે. જેનો બંને ભાષાના વાકયોમાં નિયમિત રીતે પ્રયોગ થાય છે એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૪)

(૨) વિભ્રષ્ટ શબ્દ

જે શબ્દ, સ્વર અથવા વર્ણના પરિવર્તનને લીધે પદો તથા વાકયોની સાથે પ્રયોગાર્થ સમ્બધ્ધ કરવામાં આવે ત્યારે પોતાના સમવેત સ્વરુપને પરીવર્તિત કરી નાખે તેને વિભ્રષ્ટ અથવા અપભ્રષ્ટ શબ્દ કહે છે એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૫)

'વિભ્રષ્ટ શબ્દવિધાન' અંતર્ગત ભરતમુનિ પ્રાકૃત પાઠ્યમાં ન વપરાતા વર્ણો તથા સ્વર વ્યંજન પરિવર્તન આ પ્રમાણે નિરુપે છે.

ભરતમુનિના કથન અનુસાર વર્ણમાલામાં એ તથા ઓ પછી આવતા સ્વરો એટલે કે ઐ તથા ઔ સ્વરોનો પ્રયોગ પ્રાકૃત પાઠ્યમાં થતો નથી. તેજ પ્રમાણે અનુસ્વાર પછી આવતા વિસર્ગનો પણ પ્રયોગ થતો નથી. પ્રાકૃત ભાષામાં પાદ સ્વરો ઋ, ૠ, લૃ, તથા લૄ. વ તથા સ વચ્ચેના વર્ણો અર્થાત શ, વ, ષ, તેમજ ક, ચ અને ત વર્ગના અંતિમ વર્ણ અર્થાત્ ઙ, ઞ અને ન નો પ્રયોગ થતો નથી. (શ્લોક ૬)

પ્રાકૃત પાઠ્યમાં ક, ખ, ગ, ત, દ, ય અને વ વિગેરે વર્ણોનો લોપ થઇ જાય છે. ખ, ઘ, ય, ધ, અને ભ નો હકાર થાય છે પણ આ પરિવર્તન કે આદેશથી અર્થમાં પરિવર્તન આવતું નથી. (શ્લોક ૭)

પ્રાકૃત પાઠ્યમાં 'ર' રેફ અથવા અર્ધચંદ્રાકારરુપે પ્રયોજાતો નથી. ભદ્ર, વોદ્રહ હ્રદ, ચન્દ્ર, ધાત્રી વિગેરે શબ્દો અપવાદરુપ છે. (શ્લોક ૮)

વર્ણ પરિવર્તન

૧)	ખ, ઘ, થ, ધ, તથા ભ નો હકાર થઇ જાય છે.	મુખ - મુહ, મેઘ-મેહ, કથા-કહા, વધુ-બહુ, પ્રભુત-પહુઅ
૨)	આ વર્ણોના પૂર્વાક્ષરો- ક, ગ, દ, અને વ - સદા દ્વિતીય સ્વર રુપે તેમનું પ્રતિવિધાન કરે છે.	--
(૩)	ષ નો 'છ' થાય છે.	ષટ્પદ - છપ્પદ
(૪)	અંતિમ વર્ણ રુપે આવતો 'લ' વર્ણ 'ર' થઇ જાય છે.	કિલ- કિર
(૫)	કુ શબ્દનો ખુ આદેશ થાય છે.	--
(૬)	'ટ'નો 'ડ' થાય છે.	ભટ - ભડ, કુટી - કુડી, તઠ - તડ
(૭)	શ, ષ નો 'સ' થાય છે.	વિષ - વિસ, શંકા - સંકા
(૮)	પ્રારંભમાં ન આવતા 'ત' નો દ થઇ જાય છે અને ડ નો લ.	ઇતર - ઇદર, તડાગ - તલાગ બડવા - બલવા
(૯)	ધ નો ઢ થઇ જાય છે.	વર્ધ્ધનમ્ - વડ્ઢણમ ઔષધ - ઓસઢં
(૧૦)	ન નો ણ થઇ જાય છે.	આપાન - આવાણ
(૧૧)	પ નો વ થઇ જાય છે. ધ નો ઘ થઇ જાય છે.	આપાન - આવાણ
(૧૨)	ક્યારેક પ નો ફ થાય છે.	પરુસં - ફરુસં, બૃહસ્પતિ - બુહપ્ફઇ
(૧૩)	મૃગ તથા મૃત શબ્દનું પ્રાકૃતમાં એકજ રુપ થાય છે.	મૃગ - મઓ મૃત - મઓ

(૧૪)	ઔ નો ઓ થઇ જાય છે.	ઔષધ - ઓસઢ
(૧૫)	ચ નો ય થઇ જાય છે.	પ્રત્યય - પચય, અચિર - અયિર અચલ - અયલ
(૧૬)	શ્ચ, પ્સ, ત્સ, થ્ય નો છ કાર થાય છે.	આશ્ચર્ય - અચ્છરિયં નિશ્ચય - ણિચ્છય ઉત્સાહ - ઉચ્છાહ પથ્ય - પચ્છ
(૧૭)	ધ્ય, હ્ય અને ધ્ય નો ઝ કાર થાય છે.	તુભ્ય - તુજ્ઝ, મહ્યમ્ - મજ્ઝં
(૧૮)	ષ્ટ નો ટ્ઠ, સ્તનો ત્થ, ષ્મ નો મ્હ, ષ્ણ, ક્ષ્ણ નો ણ્હ તથા ક્ષ નો ક્ખ થાય છે.	દષ્ટ - દઠ, હસ્ત - હત્થ, ગ્રીષ્મ - ગિમ્હ શ્લક્ષ્ણ - સણ્હ, ઉષ્ણ - ઉણ્હ કૃષ્ણ - કણ્હ, યક્ષ - જક્ખ
(૧૯)	ર + ય નો લ થાય છે.	પર્યંક - પલ્લંક
(૨૦)	હ અને મ ના યોગમાં બંને અક્ષરોનો વિપર્યય થાય છે.	બ્રહ્મા - બમ્હા
(૨૧)	જ્ઞ નો ણ્હ થાય છે.	યજ્ઞ - જણ્હ
(૨૨)	ષ્મ નો મ્હ થાય છે.	ભીષ્મ - ભિમ્હ
(૨૩)	ક કોઇ વર્ણની સાથે સંયુકત હોય અથવા આ વર્ણ પર રેફ હોય તો સંયોગનો લોપ થાય છે.	શક - સકક અર્ક - અકક જો કે ઉદાહરણમાં સંયોગ અકબંધ છે.

- -

વર્ણપરિવર્તન નિરુપણના અંતે ભરતમુનિ જણાવે છે કે, 'સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના પાઠ્યનો આ રીતે અભ્યાસ કરવો જોઇએ. હવે હું દેશીભાષાનું વિભાગપૂર્વક કથન કરું છું. (શ્લોક ૨૪)

(૩) દેશી શબ્દો / દેશી ભાષા

દેશી શબ્દો / દેશી ભાષા નિરુપણની શરુઆતમાં ભરતમુનિ વિવિધ ભાષાભેદ નિરુપે છે.

ભરતમુનિના કથન અનુસાર દશ પ્રકારના રુપકોમાં પ્રયોજાતી ચાર પ્રકારની ભાષામાં સંસ્કૃત અને પ્રાકૃત પાઠ્ય પ્રયોજાય છે. નાટ્યમાં પ્રયોજાતી ભાષાના ચાર પ્રકાર તે (૧) અતિભાષા (૨) આર્યભાષા (૩) જાતિભાષા તથા (૪) યોન્યન્તરી અથવા જાત્યન્તરી ભાષા. (અધ્યાય ૧૮ શ્લોક ૨૫-૨૬)

આ ચારે પ્રકારની ભાષાના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

અતિભાષા

દેવોની ભાષાને ભરતમુનિએ અતિભાષા કહી છે.

'' અતિભાષા તુ દેવાનામ્ '' (૧૮ / શ્લોક ૨૭)

અતિભાષા સંસ્કારગુણ સંપન્ન અને સપ્તદ્વીપ પ્રતિષ્ઠિત હોવાનું પણ ભરતમુનિએ જણાવ્યું છે. અભિનવગુપ્તે, અન્ય આચાર્યોનો મત ટાંકતા અતિભાષાના વ્યાવર્તક લક્ષણ તરીકે 'વૈદિક શબ્દોના બાહુલ્ય' નો ઉલ્લેખ કર્યો છે. અતિભાષાને ભોજે શ્રુતિ અને પુરાણ (આર્ષ) ભાષા માની છે. આધુનિક વિદ્વાનોએ અતિભાષાને ભારત યુરોપીય ભાષાકુળની કોઇ બોલી હોવાનું જણાવ્યું છે. 'પ્રાચીન આર્ય ભારતીય ભાષા' અથવા 'વૈદિકભાષા' જેવી કોઇ શિષ્ટભાષા એવી 'અતિભાષા' તત્કાલીન પ્રજાજનો વચ્ચે વ્યવહારની ભાષા પણ હોઇ શકે. પાણિનિ જેવા પુરાકાલીન વૈયાકરણોએ પૂર્વશાસ્ત્રકાલીન સંસ્કૃતભાષાના છંદોની ભાષા માન્ય રાખી છે જે નિશ્ચિતપણે પ્રાચીન ભારતીય આર્ય ભાષા અથવા વૈદિક સંસ્કૃતભાષા હતી અને તેનો બ્રાહ્મણો દ્વારા યજ્ઞવિધિ વિગેરેમાં પ્રયોગ થતો હતો. પાણિનિએ તેનું છન્દોભાષા રુપે નિરુપણ કર્યું છે. અભિનવગુપ્તે તેને 'વૈદિકશબ્દબહુલ' ભાષા કહી છે. ભરતમુનિએ તેને દેવોની ભાષા કહી છે.

આર્યભાષા

ભૂપાલોની ભાષાને ભરતમુનિએ 'આર્યભાષા' કહી છે અને તે સંસ્કાર ગુણથી

સંપન્ન તથા સપ્તદ્વીપમાં પ્રતિષ્ઠિત હોવાનું પણ જણાવ્યું છે. (૧૮ / શ્લોક ૨૭). ભાષે તેને લૌકિક ભાષા કહી છે. કેટલાક વિદ્વાનો તેને શ્રેષ્ઠ જનોની ભાષા કહે છે. આર્યભાષા વૈદિક ભાષા છે કે સંસ્કૃતભાષા તે ભરતમુનિએ સ્પષ્ટ નથી કર્યું. આધુનિક વિદ્વાનો તેને ભારત યુરોપીય ભાષાકુળની કોઇ બોલી હોવાનું જણાવ્યું છે. રુપકોમાં રાજા જેવા ઉદાત્ત પાત્ર દ્વારા વપરાતી આર્યભાષા, શાસ્ત્રીય સંસ્કૃત અથવા લૌકિક સંસ્કૃત ભાષા માની શકાય. જેનો સમાજના ઉચ્ચ વર્ગમાં વ્યવહાર થતો હોય. તે આર્યાવર્તથી સંબંધિત ભાષા હતી. આચાર્ય અભિનવગુપ્તના મતે પૂર્ણ સંસ્કાર સંપન્ન સંસ્કૃત ભાષાનેજ આર્યભાષા સમજવી જોઇએ.

જાતિ ભાષા

અનાર્યો અને મ્લેચ્છો દ્વારા વ્યવહૃત શબ્દોના સમાવેશવાળી અને ભારતવર્ષમાં બોલાતી જાતિભાષાના ભરતમુનિએ બે પ્રકાર માન્યા છે. સંસ્કૃત અને પ્રાકૃત અને બંને પ્રકારોને ચાતુર્વર્ણ્ય સમાશ્રિત કહયા છે. (અધ્યાય ૧૮ શ્લોક ૨૮ અને ૩૦)

આર્ય ભારતીય પ્રજાની આવાસીય અથવા પ્રાદેશિક ભાષાઓને ભરતમુનિએ જાતિભાષા સંજ્ઞા આપી હોવાનું જણાય છે. તે સંસ્કૃત તથા પ્રાકૃતભાષાના વિવિધ પ્રભેદો ધરાવતી હતી. તે સમયે નાટ્યપ્રયોગ જોવા આવનારી પ્રજા વિશુધ્ધ આર્યજાતીય તથા મિશ્ર આર્ય જાતીય હોવાનું અનુમાન થઇ શકે. સામાન્ય પ્રજામાં આર્યજાતિના સમાજથી સામીપ્ય રાખનારી જાતિઓ અથવા તેમનાથી સંબધ્ધ કેટલોક અનાર્ય જાતિઓ પણ હતી. આથી જાતિભાષા વિભિન્ન પ્રજાપત્તિઓની ક્ષેત્રીય અથવા પ્રાદેશિક ભાષા બની જેનો પ્રયોગ સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાની સંબોધ્યવિધિ અનુસાર થતો. આ ભાષાઓમાં પ્રજાતીય તથા ક્ષેત્રીય શબ્દોનું મિશ્રણ રહેતું જે પાછળથી અધિક વિસ્તાર પામવાથી પૃથક્ વિભાષા રુપે વિકાસ પામવા લાગો અને તેમાંથી પૃથક ભાષાનું રુપ બંધાયું. આ ક્રમે ધીરે ધીરે પૂર્વકાલીન ભાષાવ્યવહારનું સ્થાન લઇ લીધું જ્યાં આર્યભાષાનો પ્રકૃતવિધિ પ્રમાણે વ્યવહાર થતો, જેને પ્રજાતિઓ સમજી શકતી અને તેનો સ્વીકાર પણ કરતી. પરંતું સ્પષ્ટપણે એમ કહી ન શકાય કે પ્રજાતીય ભાષાઓ પોતાના તત્કાલીન અથવા વાસ્તવિક રુપે પ્રયોજાતી હતી. કારણ કે ભરતમુનિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે

તેમાં અનાર્યો અને મ્લેચ્છો દ્વારા વ્યવહૃત શબ્દોનો પણ સમાવેશ થતો હતો. જાતિભાષા વિભિન્ન પ્રજાતિઓની પ્રાદેશિક ભાષા હતી જે પ્રાચીન આર્યભારતીય સંબંધવિધિ અનુસાર પ્રયોજાતી હતી અને તેમાં પ્રજાતીય શબ્દોનું મિશ્રણ રહેતું એટલું સ્પષ્ટપણે કહી શકાય.

યોન્યન્તરી ભાષા

ગ્રામ તથા અરણ્યમાં રહેનારા પશુપક્ષીઓની ભાષા કે જે નાટ્યધર્મી રુઢિ દ્વારા નાટ્યમાં પ્રયોજાતિ તેને ભરતમુનિએ યોન્યન્તરી અથવા જાત્યન્તરી ભાષા કહી છે.

> અથ યોન્યન્તરી ભાષા ગ્રામ્યારણ્યપશુદ્ભવા ।
> નાના વિહંગજા ચૈવ નાટ્યધર્મી પ્રતિષ્ઠિતા ॥ ૨૯ ॥
> (અધ્યાય ૧૮ શ્લોક ૨૯)

આમ યોન્યન્તરી ભાષા એ પશુપક્ષીઓની બોલીની અનુકરણાત્મક નાટ્યભાષા હતી. નાટ્યશાસ્ત્ર અથવા તે અનુસાર નિર્મિત કોઇપણ સંસ્કૃત નાટ્યરચનામાં જાત્યન્તરી ભાષાનો પ્રયોગ જોવા મળતો નથી કે અન્યત્ર પણ ઉદ્ધરણ અથવા પ્રયુક્ત શબ્દો જોવા મળતા નથી.

પાઠ્યભેદ અને તેનો વિનિયોગ

જાતિભાષામાં પ્રયોજાતા પાઠ્યના ચાતુર્વર્ણ્ય સમાશ્રિત એવા બે ભેદ ભરતમુનિએ જણાવ્યા છે (૧) સંસ્કૃત પાઠ્ય અને (૨) પ્રાકૃત પાઠ્ય. (અધ્યાય ૧૮ શ્લોક ૩૦)

સંસ્કૃત ભાષા સંસ્કાર ગુણથી સંપન્ન હોવાથી તેમાં દેશભેદ પ્રમાણે ભાષાભેદ સંભવતા નથી માત્ર ઉચ્ચારણભેદ સંભવે છે. પરંતું પ્રાકૃત ભાષા પ્રાકૃત જનની ભાષા હોવાને લીધે સ્થાનભેદને લીધે ભિન્નતા ઉદ્ભવે છે.

સંસ્કૃત પાઠ્યના વિનિયોગ સંબંધી નિયમો અને તેના અપવાદો

(૧)

સામાન્યપણે ધીરોદ્ધત, ધીરલલિત, ધીરોદાત્ત તથા ધીરપ્રશાન્ત નાયક જેવા ઉત્તમ પાત્રોએ સંસ્કૃત પાઠ્યનો પ્રયોગ કરવો જોઇએ. પરંતું આવશ્યકતા પ્રમાણે પ્રાકૃત પાઠ્યનો વિનિયોગ પણ થઇ શકે.

ધીરોદ્ધતે સલલિતે ધીરોદાત્તે તથૈવ ચ ।
ધીરપ્રશાન્તે ચ તથા પાઠ્યં યોજ્યન્તુ સંસ્કૃતમ્ ।।
એતેષામપિ સર્વેશાં નાયકાનાં પ્રયોગજમ્ ।
કારણવ્યપદેશેન પ્રાકૃતં સમ્પ્રયોજયેત ।।

(અધ્યાય ૧૮ શ્લોક ૩૧ અને ૩૨)

જ્યારે ધીરોદ્ધત, ધીરલલિત નાયક જેવું કોઇ ઉત્તમ પાત્ર પોતાનું રાજ્ય અથવા ઐશ્વર્ય પ્રાપ્ત થવાથી પોતાના પદમાં મત્ત હોય અથવા તો દરિદ્રતાથી અભિભૂત હોય અથવા ઉન્મત્ત બની જાય તો આવી મદમત્ત દશામાં સંસ્કૃત પાઠ્યનો વિનિયોગ કરવો ન જોઇએ. અર્થાત્ આવી દશામાં આવા ઉત્તમ પાત્રોએ પણ પ્રાકૃતભાષા પ્રયોજવી જોઇએ.

(અધ્યાય ૧૮ શ્લોક ૩૩)

અર્જુન જ્યારે અજ્ઞાતવાસ દરમ્યાન બૃહન્નલા બને ત્યારે તેણે સ્ત્રી પાત્ર બનવાને લીધે માગધી અથવા શૌરસેની પ્રાકૃતનો વિનિયોગ કરવો જોઇએ. 'વિક્રમોર્વશીય' માં દૈવને લીધે વિરહી રાજા પુરુરવાની ઉન્માદ અવસ્થામાં પ્રાકૃતાપભ્રંશનો વિનિયોગ કાલિદાસે કર્યો છે.

જ્યારે ઉત્તમ પાત્ર વ્યાજ વડે સાધુ સન્યાસીનો વેષ ધારણ કરે ત્યારે જૈન સાધુ, સાધુ, ભિક્ષુ, બાજીગરને અનુરુપ પાઠ્યનો અર્થાત્ પ્રાકૃત પાઠ્યનો પ્રયોગ કરવો જોઇએ.

(અધ્યાય ૧૮ શ્લોક ૩૪)

ભાષના 'કર્ણભારમ્' માં ઇન્દ્ર બ્રાહ્મણનો વેષ ધારણ કરે છે ત્યારે પ્રાકૃત ભાષા બોલે છે. તેજ પ્રમાણે 'પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ' નાટકમાં યૌગન્ધરાયણ ભિક્ષુ સ્વરુપ ધારણ કરે છે ત્યારે તે પ્રાકૃત ભાષાનો પ્રયોગ કરે છે. 'મુદ્રારાક્ષસ' માં વિરાધગુપ્ત સપેરાની અવસ્થામાં પ્રાકૃત ભાષામાં સંભાષણ કરે છે.

(૨)

અપ્સરાઓના સર્વ સંવાદ સંસ્કૃતમાં રાખવા શાસ્ત્રાનુમોદિત (આમ્નાયસિધ્ધ) છે અને તેવી પરંપરા પણ છે. તેમનો દેવતાઓ જોડે મુખ્યપણે સંસર્ગ રહે છે તેથી. લોકપરંપરામાં આવી રુઢિ પણ છે. (અધ્યાય ૧૮ શ્લોક ૪૨) પરંતું જ્યારે કોઇ કારણવશાત્ પૃથ્વી ઉપર માનવ રુપે સંચરણ કરતી હોય કે નૃપપત્ની બનતી હોય ત્યારે અપ્સરાએ પ્રાકૃત પાઠ્યનો પ્રયોગ કરવો જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૪૩)

ભરતમુનિના સમયમાં કદાચ એવા રુપકો અસ્તિત્વમાં હોય કે જેમાં અપ્સરાઓ, નાયિકારુપે તથા સહાયકપાત્ર રુપે પ્રયોજાતી વેળા પૂર્ણપણે સંસ્કૃત ભાષામાં સંભાષણ કરતી હોય.

કાલિદાસના 'વિક્રમોર્વશીય' માં નાયિકા ઉર્વશી (જે મૂળે અપ્સરા છે) તેના સંવાદ પ્રાકૃત ભાષામાં તથા અન્ય અપ્સરાઓના સંવાદ પણ મુખ્યત્વે પ્રાકૃત ભાષા (શૌરસેની) માં જોવા મળે છે.

પ્રાકૃત પાઠ્યના વિનિયોગ સંબંધી નિયમો અને અપવાદ

બાળકે, ભૂત પિશાચથી ગ્રસ્ત વ્યક્તિએ, સ્ત્રીઓએ તેમજ સ્ત્રી પ્રકૃતિ ધરાવતા પુરુષોએ, નીચ જાતિના પાત્રોએ, ઉન્મત્તોએ તથા સલિંગી સાધુઓએ પ્રાકૃત પાઠ્યનો વિનિયોગ કરવો જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. (અધ્યાય ૧૮ શ્લોક ૩૫)

જો કે આનો અપવાદ પણ ભરતમુનિએ નિરુપ્યો છે. જો પાત્ર સંન્યાસી, સાધુ બૌદ્ધભિક્ષુ, ક્ષત્રિય તથા વેદપાઠી બ્રાહ્મણ હોય તો અને પોતાની પ્રતિષ્ઠા તથા સ્થિતિ અનુરુપ આચાર-વ્યવહાર રાખતા હોય તો તેમની સંસ્કૃત ભાષા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૩૬)

(૨)

સામાન્યપણે સ્ત્રીપાત્રોએ પ્રાકૃત ભાષામાં સંભાષણ કરવું જોઇએ. પરંતુ વિશેષ અવસરે અથવા સ્થિતિમાં રાજ્ઞા અર્થાત્ મહારાણી, ગણિકા તથા શિલ્પકારી (દાસી) વિગેરે સ્ત્રી પાત્રો સંસ્કૃત ભાષાનો વ્યવહાર કરી શકે છે. (અધ્યાય ૧૮ શ્લોક ૩૭)

રાણી, મહારાણી, અથવા મુખ્ય નાયિકા રુપે સ્ત્રી પાત્ર ધ્વારા વિશેષ અવસ્થામાં સંસ્કૃત-સંભાષણ અનેક નાટકોમાં જોવા મળે છે. 'માલવિકાગ્નિમિત્ર' માં માલવિકા ધ્વારા, મૃચ્છકટિકમાં વસન્તસેના ધ્વારા તથા માલતીમાધવમાં માલતી ધ્વારા સંસ્કૃત પાઠ્યનો પ્રયોગ થયો છે.

(૩)

મહારાણી સ્ત્રીપાત્ર હોવાથી સામાન્યપણે પ્રાકૃત પાઠ્યનો વિનિયોગ થવો જોઇએ પરંતુ ભરતમુનિએ જણાવેલા નીચેના ખાસ પ્રસંગોએ મહારાણી સંસ્કૃત ભાષામાં સંભાષણ કરી શકે છે. (૧) સંધિ કે વિગ્રહ સંબંધિત વાત ચાલી રહી હોય (૨) આકાશમાં કોઇ

ઉદિતનક્ષત્રના શુભ અથવા અશુભ ફળ ઉપર વિચાર કરવામાં આવતો હોય (૩) કોઇ પક્ષીનો અવાજ સાંભળી તેના દ્વારા રાજાના શુભ અથવા અશુભ ભવિષ્યની કલ્પના કરવામાં આવતી હોય.

(અધ્યાય ૧૮ શ્લોક ૩૮-૩૯)

(૪)

વેશ્યાઓ સામાન્યપણે પ્રાકૃત ભાષામાં સંભાષણ કરે છે. તેનો અપવાદ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે વિવિધ રુચિવાળા પ્રજાજનના વિનોદ માટે તથા કળાવ્યવહાર અને તત્સંબંધી જ્ઞાન દર્શાવતી વેળા વેશ્યાઓના સંવાદ સંસ્કૃત ભાષામાં રાખવા જોઇએ.

(અધ્યાય ૧૮ શ્લોક ૪૦)

(૫)

શિલ્પિકાઓ અર્થાત્ દાસીઓ માટે સામાન્ય રીતે પ્રાકૃત ભાષામાં સંભાષણ કરે છે. તેનો અપવાદ જણાવતાં ભરતમુનિ કહે છે કે નાટ્યરચનાઓમાં શિલ્પિકા વિગેરે સ્ત્રી પાત્રો માટે રાજાનું મનોરંજન તથા કળાઓના વ્યાવહારિક જ્ઞાન પ્રદર્શિત કરતી વેળા સંસ્કૃત ભાષાનો વિનિયોગ કરવો જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૪૧)

વિભિન્ન પ્રાકૃત ભાષાઓ

'ભાષાવિધાન' અંતર્ગત્ ભરતમુનિ નિમ્નલિખિત સાત પ્રકારની પ્રાકૃત ભાષાઓનો ઉલ્લેખ કરે છે. (૧) માગધી (૨) અવન્તી (૩) પ્રાચ્યા (૪) સૌરસેની અથવા શૂરસેની (૫) અર્ધમાગધી (૬) વાલ્હીકા તથા (૭) દાક્ષિણાત્યા (અધ્યાય ૧૮ શ્લોક ૪૭)

મૃચ્છકટિકમાં અવન્તી તથા પ્રાચ્યાના ઉદાહરણો મળે છે. વાલ્હીકાનું સ્વરુપ કેવું હતું તે નાટ્યરચનાઓના આધારે કહી શકાય તેમ નથી. અહીં મહારાષ્ટ્રી પ્રાકૃતનો ભરતમુનિએ ઉલ્લેખ કર્યો નથી જે નાટ્યશાસ્ત્રની પ્રાચીનતા સૂચવે છે કારણે કે શૌરસેનીનો ઉત્તરકાલીન સ્વર મહારાષ્ટ્રીની રચનામાં સ્પષ્ટપણે પરિલક્ષિત થાય છે.

ભરતમુનિ જણાવે છે તેમ બર્બર, કિરાત, આન્ધ્ર, દ્રામિડ (દ્રવિડ) જાતિના પાત્રોની જાતીય ભાષાનો પ્રયોગ નાટ્યરચનામાં ન કરતાં કેવળ શૌરસેનીને મળતી આવતી કોઇ પણ પ્રાકૃત ભાષાનો સમય આવે પ્રયોગ કરવો જોઇએ અથવા તો પછી સ્વેચ્છાનુસાર નાટ્ય પ્રયોક્તાએ

કોઇપણ દેશભાષા રાખવી જોઇએ કારણ કે -

નાનાદેશસમુત્થં હિ કાવ્ય ભવતિ નાટકે ॥

(અધ્યાય ૧૮ શ્લોક ૪૪ થી ૪૬)

ભરતમુનિએ નાટ્યપ્રયોગમાં યથાર્થતા લાવવા માટે દેશભાષા અર્થાત લોકબોલી Local dialects ના મહત્વનો સ્વીકાર કર્યો છે. દેશ, જાતિ અને અવસ્થા ભેદને અનુરુપ ભાષાનો નાટ્યમાં પ્રયોગ કરવાનો ભરતમુનિએ આગ્રહ રાખ્યો છે તે ઉપરોક્ત શ્લોક પરથી ફલિત થાય છે.

ભરતમુનિએ વર્ણવેલી આ પ્રાકૃત ભાષાઓ તે યુગમાં પ્રચલિત વિભિન્ન જનપદોની જનભાષાઓ હતી એમ કહી શકાય.

<u>વિભિન્ન પ્રાકૃતભાષાઓનો પાત્રભેદ પ્રમાણે વિનિયોગ</u>

(૧)

<u>માગધી</u>

ભરતમુનિના કથન અનુસાર રાજાના અન્ત:પુરના રક્ષક તથા સેવકોની ભાષા માગધી રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૪૯) આ ઉપરાંત સુરંગ ખોદનારાઓ, જેલના પહેરેગીરો, ઘોડાની અથવા ઉંટના રક્ષકોની આપત્તિગ્રસ્ત નાયક અથવા તેના જેવા અન્ય પાત્ર હોય તો પોતાના સ્વરુપના રક્ષણાર્થે અથવા આચ્છાદનાર્થ માગધી ભાષામાં સંવાદ રાખવા જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૫૫)

(૨)

<u>અર્ધમાગધી</u>

ભરતમુનિના કથન અનુસાર રાજપુત્ર, ચેટ તથા શ્રેષ્ઠિજનની અર્ધમાગધી ભાષા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૪૯)

ઉપલબ્ધ સંસ્કૃત નાટકોમાં આ નિયમનું અનુસરણ થયું નથી. મુદ્રારાક્ષસમાં ચંદનદાસ શ્રેષ્ઠિ હોવા છતાં અર્ધમાગધી ભાષા બોલતો નથી જ્યારે કર્ણભારમાં ઇન્દ્ર બ્રાહ્મણના વેષમાં અર્ધ માગધી ભાષા બોલે છે.

(૩)
અવન્તી

ભરતમુનિના કથન અનુસાર ધૂર્તવૃત્તિના પાત્રોની અવન્તી ભાષા રાખવી જોઇએ.
(અધ્યાય ૧૮ / શ્લોક ૫૦)

'મૃચ્છકટિક'ના છઠ્ઠા અંકમાં વીરક અને ચન્દક એ બે ધૂર્તવૃત્તિના પાત્રો પરસ્પર અવન્તીભાષામાં વિવાદ કરે છે.

(૪)
પ્રાચ્યા

ભરતમુનિના કથન અનુસાર વિદૂષક તથા તેના જેવા અન્ય પાત્રોની ભાષા 'પ્રાચ્યા' રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૫૦)

'મૃચ્છકટિક'માં વિદૂષકની પ્રાચ્યા ભાષા રાખવામાં આવી છે. અન્ય લક્ષણ ગ્રંથોમાં પણ વિદૂષકની પ્રાચ્યા ભાષા રાખવાનો નિયમ છે. વિદૂષકના સૌરસેની અથવા અન્ય ભાષામાં સંવાદ નાટ્યરચનાઓમાં ભાગ્યેજ જોવા મળે છે.

(૫)
સૌરસેની

ભરતમુનિના કથન અનુસાર જો કોઇ અડચણ અથવા અસુવિધામાં ના હોય ત્યારે નાયિકા તથા તેની સૌ સખીઓની સૌરસેની ભાષા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૫૦)

(૬)
દાક્ષિણાત્યા

ભરતમુનિના કથન પ્રમાણે યોદ્ધા અર્થાત સૈનિકો, જુગારીઓ, નગર મુખ્ય આરક્ષક (નાગરક)ની ભાષા દાક્ષિણાત્યા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૫૧)

મૃચ્છકટિકમાં ચન્દકની ભાષા દાક્ષિણાત્યા હોવાનું તેના ટીકાકાર પૃથ્વીધરનો મત છે.

(૭)
વાલ્હીકી

ભરતમુનિના કથન અનુસાર ભારતના ઉત્તરભાગના નિવાસી ખસોની દેશભાષા વાલ્હીકી સંવાદમાં પ્રયોજવી જોઇએ. (અધ્યાય ૧૮ / શ્લોક ૫૧)

વિભાષાઓ

ભરતમુનિએ વિભિન્ન પ્રાકૃત ભાષાઓ ઉપરાંત વિભાષાઓ પણ વર્ણવી છે. (૧) શાકારી (૨) આભીરી (૩) ચાણ્ડાલી (૪) શાબરી (૫) દ્રાવિડી (૬) આન્ધ્રી તથા (૭) વનેચરોની જંગલી ભાષાઓ. (અધ્યાય ૧૮ શ્લોક ૪૮)

વિભાષાનું લક્ષણ મૃચ્છકટિકના પ્રાચીન ટીકાકાર પૃથ્વીધરે આ પ્રમાણે આપ્યું છે. 'વિવિધા: ભાષા હીન-પ્રયોજ્યત્વાત્ વિભાષા: ।' અર્થાત નીચપાત્રો દ્વારા વ્યવહૃત વિવિધ ભાષાઓ વિભાષા કહેવાય છે. નાટ્યશાસ્ત્રમાં વિધમાન વિભાષાઓમાં શાકારી, ઢક્કી તથા ચાણ્ડાલીનો પ્રયોગ મૃચ્છકટિકમાં પણ મળી આવે છે. ભરતમુનિના પોતાના સમયમાં આ તમામ વિભાષાઓ ઉદાહરણ રુપે ઉપલબ્ધ હોવાનું અનુમાન કરી શકાય.

વિભાષાઓનો પાત્રભેદ પ્રમાણે વિનિયોગ

(૧)
શાકારી

ભરતમુનિના કથન અનુસાર શકાર, શક તથા (શબર જાતિના અથવા) તેના અનુરુપ સ્વભાવવાળા વર્ગો (ગણ:) ની શાકારી ભાષા રાખવી જોઇએ.
(અધ્યાય ૧૮ શ્લોક ૫૨)

'મૃચ્છકટિક'માંજ શકાર જેવું પાત્ર છે અને તેની શાકારી ભાષા પ્રયોજાયેલી છે.

(૨)
ચાણ્ડાલી

ભરતમુનિના કથન અનુસાર પુલ્કસ, ડોમ અને તેના જેવી અન્ય નીચ જાતિઓની ચાણ્ડાલી ભાષા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૫૨)

મૃચ્છકટિક પ્રકરણમાં ચાણ્ડાલો દ્વારા ચાણ્ડાલી ભાષાનો વ્યવહાર જોવા મળે છે.

(૩)
શાબરી

ભરતમુનિના જણાવ્યાં પ્રમાણે કોલસાના વ્યવસાયો, વ્યાધ અર્થાત શિકારીઓ, કઠિયારા જેવા શ્રમિકોની તથા જંગલના નિવાસીઓની શાબરી ભાષા રાખવી જોઇએ.

(અધ્યાય ૧૮ શ્લોક ૫૩)

આજની સોર ભાષાનું કુળ શાબરી ભાષામાં જોઇ શકાય છે.

(૪)
આભારી

ભરતમુનિ કહે છે તેમ જ્યાં હાથી, ઘોડા, બકરાં, ઘેટાં, ઉંટ, ગાય-બળદ બાંધવામાં અથવા રાખવામાં આવતા હોય ત્યાંના નિવાસીઓની ભાષા આભીરી અથવા શાબરી રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૫૪)

પ્રાચીન ઉપલબ્ધ સંસ્કૃત નાટકોમાં આભારીનું ઉદાહરણ જોવા મળતું નથી.

(૫)
દ્રાવિડી

ભરતમુનિના જણાવ્યા અનુસાર દ્રવિડ વિગેરે દેશોની વ્યક્તિઓ અથવા વનવાસીઓની દ્રાવિડી ભાષા રાખવી જોઇએ. (અધ્યાય ૧૮ શ્લોક ૫૪)

પ્રાચીન ઉપલબ્ધ સંસ્કૃત નાટકોમાં દ્રાવિડીનો ઉદાહરણ મળી આવતું નથી.

વિભિન્ન દેશભાષાઓના વિભેદક લક્ષણ

વિભિન્ન પ્રાકૃત ભાષાઓ તથા વિભાષાઓ નિરુપ્યા પછી ભરતમુનિ વિભિન્ન દેશભાષાઓનાં વિભેદક લક્ષણો આ પ્રમાણે નિરુપે છે.

(૧) ભારતની ગંગા નદી અને સાગર વચ્ચેના પ્રદેશની જનભાષામાં 'એ' કારનું બાહુલ્ય હોય છે.

(२) विंध्याचल पर्वत अने सागर वच्चेना प्रदेशोनी जनभाषामां 'न' कारनी बहुलता होय छे.

(३) वेत्रवती नदीना उत्तरना भागमां आवेला प्रदेशो तथा सौराष्ट्र अने अवन्ती देशोनी जनभाषामां 'च' कारनुं बाहुल्य होय छे.

(४) हिमाचलपर्वत, सिन्धु तथा सौवीर देशनी (नजीकना प्रदेशोना निवासीओनी जनभाषामां 'य' कारनी बहुलता होय छे.

(५) चम्बल (चर्मण्वती) नदीने पेले पार अरावली पर्वत (मेवाड तथा मारवाड विगेरे प्रदेशो) पासेना प्रदेशना निवासीओनी जनभाषामां 'आ' अथवा 'त' कारनुं बाहुल्य होय छे.

भाषाविधानना अंते भरतमुनि जणावे छे के -

एवं भाषाविधानन्तु कर्तव्यं नाटकाश्रयम् ।
अत्र नोक्तं मया यत्तु लोकाद् ग्राह्यं बुधैस्तु तत् ॥ ६१)॥

अर्थात नाटकमां प्रयोजाती विभिन्न भाषाओना आज नियम छे. तेमां जे वात न कहेवाई होय ते लोकाचार अथवा सामान्य व्यवहारमांथी लई शकाय छे.

'नाट्यशास्त्र' पछीना ग्रंथोमां भाषाविधान

शारदातनये 'भावप्रकाशन'मां संस्कृत उपरांत प्राकृतना पैशाची, मागधी अने शौरसेनी विगेरे भेद, अपभ्रंश आदि प्रत्येकना ग्राम्य, नागरक अने उपनागरक विगेरे भेद वर्णवती वेळा १८ प्रकारनी भाषाओनो उल्लेख कर्यो छे. आचार्य विश्वनाथे 'साहित्यदर्पण' मां १३ प्रकारनी प्राकृत भाषाओनो उल्लेख कर्यो छे. शिंगभूपाले 'रसार्णव सुधाकर'मां विभिन्न प्राकृतो माटे 'प्राकृती' एवुं नवुं नाम प्रयोज्युं छे. निम्न श्रेणीना पात्रो तेमज महिलाओनी भाषा मोटे भागे प्राकृत अथवा क्यारेक क्यारेक अपभ्रंश पण होय छे एवो आचार्य विश्वनाथ अने शिंगभूपाल बंनेनो मत छे. 'विक्रमोर्वशीय'मां उर्वशी गीतना प्रसंगमां अपभ्रंशनो प्रयोग करे छे, कारण के 'गीत' देशीभाषा समाश्रित होवुं जोईए एवो भरतमुनिनो स्पष्ट मत छे- 'नाना देशसमुत्थं हि काव्यं भवति नाटके ।'

સંબોધન વિધાન

નાટ્યશાસ્ત્રના ૧૯ માં અધ્યાયના પૂર્વાર્ધમાં ભરતમુનિએ સંબોધન વિધાન નિરુપ્યું છે. નાટકમાંના પાત્રો પોતાની ઉત્તમ, મધ્યમ તથા અધમ સ્થિતિમાં અવસ્થાદિ અનુસાર એકબીજાને સંબોધિત કરી સંભાષણ કરે છે જેનું ભરતમુનિએ વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. આવા અસંખ્ય સંબંધોનો આધાર સામાજિક સ્થિતિ, પારિવારિક અથવા કૌટુંબિક ભાવના, આદર-અનુરાગ, વિભિન્ન વ્યવસાય અને સેવાકાર્ય તથા લોકપ્રચલિત વ્યવહાર છે.

ભરતમુનિએ ઉત્તમ, મધ્યમ થથા અધમ પાત્રો ધ્વારા લૌકિક વાકયમાં ઉત્તમ, મધ્યમ તથા અધમ પાત્રોને થતા સંબોધનો માટે નિયત શબ્દો તથા તેના વિનિયોગ સંબંધી ચર્ચા આ પ્રમાણે કરી છે.

પુરુષ પાત્રો માટેના સંબોધનો

(૧)

'' જેઓ દેવતાઓમાં પણ શ્રેષ્ઠતમ સ્થાન ધરાવતા હોય તેવા દેવગણ, મહાત્માગણ તથા મહર્ષિ હોય તેમને 'ભગવન્' શબ્દ વડે તથા તેમની પત્નિઓને 'ભગવતી' શબ્દ વડે સંબોધિત કરવા જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૩)

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના ચોથા અંકમાં ગૌતમી અને શિષ્ય ધ્વારા કાશ્યપને 'ભગવન' શબ્દ વડે સંબોધવામાં આવ્યા છે. રાજા દુષ્યન્ત મહર્ષિ મારીચને 'ભગવન્' શબ્દથી સંબોધે છે. (અભિ.શા.અંક ૭) એજ પ્રમાણે રામ, કપટવેષધારી રાવણને 'ભગવન્' કહી બોલાવે છે. (પ્રતિમાનાટક અંક-૫) 'ભગવતી' સંબોધન આ સંદર્ભમાં જોવા મળતું નથી.

(૨)

'' એજ પ્રમાણે દેવતા, સંન્યાસી વેશધારી સાધુજન તથા વિવિધ શાસ્ત્રોના વિધ્વાનોને સ્ત્રી અથવા પુરુષોએ 'ભગવન્' શબ્દ વડે સંબોધવા જોઇએ.''

(અધ્યાય ૧૯ / શ્લોક ૪)

ભાસ કૃત 'અભિષેક-નાટક'માં અગ્નિ તથા વરુણ દેવતાઓને ભગવન્ કહી સંબોધવામાં આવ્યા છે. 'પ્રતિજ્ઞાયૌગન્ધારયણ'માં વિદૂષક હાસ્ય નિષ્પન્ન કરવા માટે જૈન સાધુને 'ભદન્ત' કહી સંબોધવાની જગ્યાએ 'ભગવન્' કહી સંબોધે છે. 'પ્રતિમા નાટક'માં સન્યાસી વેષધારી રાવણને, રામ 'ભગવન્' કહી બોલાવે છે.

'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં વિભિન્ન કળાઓની તજજ્ઞ તથા માલવિકાના નૃત્યપ્રયોગ સમયે નિર્ણાયક તરીકે નિમાયેલી પરિવ્રાજિકાને 'ભગવતી' શબ્દથી સંબોધવામાં આવી છે.

(૩)

'' બ્રાહ્મણોને 'આર્ય' શબ્દથી સંબોધવા જોઇએ. 'આર્યેતિ બ્રાહ્મણં બ્રૂયાત્' ।''
(અધ્યાય ૧૯ / શ્લોક ૫)

ભાસકૃત 'મધ્યમ વ્યાયોગ'માં ભીમ, બ્રાહ્મણ કેશવદાસને 'આર્ય' કહી સંબોધે છે.

(૪)

"રાજાને 'મહારાજ' શબ્દ વડે સંબોધિત કરવા જોઇએ.' મહારાજેતિ પાર્થિવમ્ ।''
(અધ્યાય ૧૯ / શ્લોક ૫)

ભાસકૃત 'પ્રતિમાનાટક'માં સુમન્ત્ર, રાજા દશરથને 'મહારાજ' શબ્દ વડે સંબોધે છે. 'અભિષેક નાટક' માં વિભીષણ, રાવણને 'મહારાજ' કહી સંબોધે છે.

(૫)

ઉપાધ્યાયેતિ ચાચાર્ય -
ઉપાધ્યાય અથવા શિક્ષકને 'આચાર્ય' શબ્દ વડે સંબોધિત કરવા જોઇએ.''
(અધ્યાય ૧૯ / શ્લોક ૫)

'મુદ્રારાક્ષસ'માં ચાણક્યનો શિષ્ય તેમને 'આચાર્ય' કહી બોલાવે છે.

(૬)

'' વૃદ્ધ મનુષ્યને' તાત' શબ્દથી સંબોધવા જોઇએ.- વૃદ્ધં તાતેતિ ચૈવહિ ॥''-
(અધ્યાય ૧૯ / શ્લોક ૫)

'પ્રતિમાનાટક'માં વૃદ્ધ સુત સુમન્ત્રને ભરત 'તાત' કહી બોલાવે છે.

(૭)

'' બ્રાહ્મણો રાજાને તેનું નામ લઇ અથવા અન્ય શબ્દ વડે પોતાની ઇચ્છાનુસાર સંબોધી શકે છે. રાજાએ બ્રાહ્મણને પૂજ્ય માની આવી રીતે સંબોધવા બદલ ક્ષમા કરવા જોઇએ.''

(અધ્યાય ૧૯ શ્લોક ૬)

'મુદ્રારાક્ષસ'માં ચાણકય ચંદ્રગુપ્તને વૃષલ અથવા શૂદ્રરાજ કહી બોલાવે છે. 'કર્ણભાર'માં બ્રાહ્મણવેષધારી ઇન્દ્ર કર્ણને 'કર્ણ' કહી સંબોધે છે.

(૮)

'' બ્રાહ્મણો મંત્રીને 'અમાત્ય' તથા 'સચિવ' શબ્દ વડે સંબોધી શકે છે પરંતુ અન્ય અધમ તથા નીચા હોદ્દાવાળા પાત્રોએ તો મંત્રીને 'આર્ય'શબ્દ વડે સંબોધવા જોઇએ.''

(અધ્યાય ૧૯ /શ્લોક ૭)

'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં પ્રતિહારી યૌગન્ધરાયણને'આર્ય' કહી સંબોધે છે. 'મુદ્રારાક્ષસ'માં પ્રતિહારી 'રાક્ષસ'ને'આર્ય' નહીં પણ 'અમાત્ય' કહી સંબોધે છે. વિરાધગુપ્તને પણ 'અમાત્ય' કહી સંબોધવામાં આવ્યો છે.

(૯)

'' સમાન વયસ્કોએ એક બીજાને નામ દઇ બોલાવવા જોઇએ.

(અધ્યાય ૧૯ / શ્લોક ૮)

'' મુદ્રારાક્ષસ'માં રાક્ષસ અને ચાણકય એક બીજાને નામ દઇને બોલાવે છે. રાક્ષસ, ચાણકયને કયારેક કૌટિલ્ય તો કયારેક વિષ્ણુદત્ત કહી બોલાવે છે અને ચાણકય રાક્ષસને 'અમાત્ય' રાક્ષસ કહી સંબોધે છે.

(૧૦)

'' અસાધારણ અવસ્થામાં ઉત્તમ પાત્રને અધમ પાત્ર તેનું નામ લઇ બોલાવી શકે છે.''

(અધ્યાય ૧૯ / શ્લોક ૯)

'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' નાટકમાં હંસક યૌગન્ધરાયણને 'અમાત્ય' કહી બોલાવે છે.

(૧૧)

જો પુરુષ અથવા સ્ત્રી પાત્ર નોકર હોય તો તેમને તથા શિલ્પો અર્થાત્ કલાકાર અથવા તેની પત્નિ તેમના વ્યવસાય અથવા પદાનુસાર સંબોધવા જોઇએ.

(અધ્યાય ૧૯ / શ્લોક ૯)

ચારુદત્તમાં 'રદનિકા', 'પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ'માં હંસક શાલક તથા નિર્મુંડક વિગેરે આ પરંપરાનો નામ છે.

(૧૨)

સામાન્ય પુરુષને 'ભાવ' તથા એનાથી ઉતરતી સ્થિતિવાળા પુરુષને 'માર્ષક' અથવા 'મારિષ' કે 'માર્ષ' કહી સંબોધવા જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૧૦)

ભાસના 'અવિમારક નાટક'માં સુત્રધાર પરિપાર્શ્વકને 'માર્ષ' કહી સંબોધે છે. જ્યારે પરિપાર્શ્વક સુત્રધારને 'ભાવ' કહી બોલાવે છે. 'ચારુદત્ત'માં શકાર વિટને એકવાર 'ભાવ'કહી અને પછી 'માલિષ' અર્થાત્ 'મારિશ' કહી બોલાવે છે. 'માર્ષક' શબ્દ એટલો બધો પ્રચલિત જણાતો નથી. 'ઉત્તરામચરિત' તથા 'માલવિકાગ્નિમિત્ર'માં 'મારિષ' શબ્દનો પ્રયોગ મળે છે. ઉત્તરરામચરિત અને માલવિકાગ્નિમિત્રની પ્રસ્તાવનામાં સુત્રધાર નટને મારિષ કહી સંબોધે છે.

(૧૩)

સમાન અવસ્થાવાળા પુરુષોએ એકબીજાને 'વયસ્ય' કહી સંબોધવા જોઇએ તથા અધમ પુરુષને 'હંહો' શબ્દ વડે સંબોધવો જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૧૦)

'મુદ્રારાક્ષસ' નાટકમાં સિધ્ધાર્થક અને સમૃધ્ધાર્થક પરસ્પર એક બીજાને 'વયસ્ય' કહી સંબોધે છે જ્યારે ચાણક્યનો જાસુસ તેના શિષ્યને 'હં હો બ્રાહ્મણ' કહી સંબોધે છે.

(૧૪)

રથ હાંકનાર સૂતે, રથમાં સ્થિત પુરુષને 'આયુષ્યમાન' કહી સંબોધવો જોઇએ.

(અધ્યાય ૧૯ / શ્લોક ૧૧)

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકમાં સારથિ-સૂત રાજા દુષ્યન્તને 'આયુષ્યમાન' કહી સંબોધે છે. (અંક ૧)

(૧૫)

તપસ્વી અને પ્રશાન્ત સ્વભાવની વ્યક્તિને 'સાધો' શબ્દ વડે સંબોધિત કરવો જોઇએ.
(અધ્યાય ૧૯/શ્લોક ૧૧)

'સાધો' શબ્દ સંબોધન રુપે સંસ્કૃત નાટકોમાં પ્રયોજાયેલો જોવા મળતો નથી.

(૧૬)

સેવકોએ યુવરાજ રાજકુમારને 'સ્વામી' શબ્દ વડે તથા બાકીના રાજકુમારોને 'ભર્તૃદારક' શબ્દ વડે સંબોધવા જોઇએ. (અધ્યાય ૧૯ /શ્લોક ૧૨)

ઉપલબ્ધ સંસ્કૃત નાટકોમાં 'સ્વામી' સંબોધન યુવરાજ માટે નહીં પરંતુ રાજા માટે પ્રયોજાયેલું જોવા મળે છે. જેમ કે 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકમાં યૌગન્ધરાયણ, રાજા ઉદયનને 'સ્વામી' કહી સંબોધે છે. યુવરાજ હોય કે સામાન્ય રાજકુમાર બંને માટે ભર્તૃદારક સંબોધન જોવા મળે છે. જેમ કે 'પ્રતિમાનાટક'માં પ્રતિહારી યુવરાજ રામને ભર્તુદારક કહી સંબોધે છે, 'સ્વામી' કહી નહીં. જો કે આ સંદર્ભમાં 'કુમાર' સંબોધન અવશ્ય મળી આવે છે. જેમ કે 'પ્રતિમાનાટક'ના ત્રીજા અંકમાં ભરત માટે તથા 'મુદ્રારાક્ષસ'માં મલયકેતું માટે 'કુમાર' સંબોધન પ્રયોજવામાં આવ્યું છે. 'પ્રતિમાનાટક'માં સીતાની દાસી રામને 'ભટ્ટ' કહી સંબોધે છે. પ્રતિહારી રામને 'ભટ્ટીદ્દારા' કહી સંબોધે છે. 'અવિમારક'માં કુરંગીની દાસી કુરંગીના પ્રિયતમને 'ભટ્ટીદારા' કહી બોલાવે છે.

(૧૭)

અધમ પાત્રને 'હે' શબ્દ પહેલા પ્રયોજી 'સૌમ્ય' અથવા 'ભદ્રમુખ' શબ્દ વડે સબોધવું જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૧૨)

'સૌમ્ય' સંબોધનનો પ્રયોગ સંસ્કૃત નાટકોમાં ઓછો જોવા મળે છે. 'ભદ્ર' અથવા 'ભદ્રમુખ' શબ્દનો પ્રયોગ અવશ્ય મળે છે જેમ કે 'પ્રતિમાનાટક'માં ભરત, દૂતને તથા 'અભિજ્ઞાન શાકુંતલ'માં રાજા દુષ્યન્ત તેના સેનાપતિને 'ભદ્ર' કહીં સંબોધે છે. જ્યારે મુદ્રારાક્ષસ'માં રાક્ષસનો જાસૂસ (પુરુષ) તેના પ્રતિહારીને, 'અભિષેક નાટક'માં અગ્નિદેવતા રામને તથા 'મૃચ્છકટિક'માં વિદૂષક ચાણ્ડાલોને 'ભદ્રમુખ' કહી સંબોધે છે.

(૧૮)

'' નાટકમાં જે વ્યક્તિનું જે કર્મ (કાર્ય), શિલ્પ (હુન્નર) વિધા, જાતિ, જન્મ (કુળ) અથવા તેની જે અવસ્થા અથવા સ્થિતિ હોય તેને અનુરુપ નામ વડે તે વ્યક્તિને સંબોધવા જોઇએ.'' - (અધ્યાય ૧૯ / શ્લોક ૧૩)

'મૃચ્છકટિક'માં ચારુદત્તનો પુત્ર દારક ચાણ્ડાલોને 'ચાણ્ડાલ' કહી સંબોધે છે.

(૧૯)

'' પોતાના શિષ્ય તથા પુત્રને ગુરુએ વત્સ, પુત્ર, તાત અથવા તેના ગોત્રના નામથી કે તેના નામથી સંબોધવો જોઇએ.'' - (અધ્યાય ૧૯ / શ્લોક ૧૪)

'અવિમારક નાટક'માં રાજા સૌવિર અવિમારકને 'વત્સ' કહી બોલાવે છે. 'પંચરાત્રિ'માં દ્રોણ દુર્યોધનને 'વત્સ' કહી સંબોધે છે. તો 'પુત્ર' કહીને પણ બોલાવે છે. દુર્યોધન પોતાના પુત્રને 'પુત્ર' કહી સંબોધે છે. 'અભિષેક'નાટકમાં વાલી, અંગદને તથા 'અભિજ્ઞાન શાકુંતલ'માં કાશ્યપ (કણ્વ) સારંગરવને તેના નામથી બોલાવે છે. 'ગોત્ર'ના નામથી બોલાવવાનો ઉદાહરણો સંસ્કૃત નાટકોમાં જોવા મળતાં નથી.

(૨૦)

'' બૌધ્ધ તથા જૈન સાધુઓને 'ભદન્ત' શબ્દ વડે સંબોધિત કરવા જોઇએ.''
(અધ્યાય ૧૯ / શ્લોક ૧૫)

'મુદ્રારાક્ષસ'માં ક્ષપણકને રાક્ષસ અને સિધ્ધાર્થક 'ભદન્ત' કહી સંબોધે છે.

(૨૧)

'' અન્ય પાશુપત વિગેરે સંપ્રદાયના સાધુઓને તેમના પોતાના નિયમાનુસારો સંબોધનો વડે સંબોધવા જોઇએ. '' (અધ્યાય ૧૯ શ્લોક ૧૫)

અભિનવગુપ્ત અન્ય પાશુપત સંપ્રાદાયના સાધુઓ માટે 'ભાસર્વજ્ઞ' કે'ભાપુષન' સંબોધનોનો ઉલ્લેખ કરે છે.

(૨૨)

પ્રજાજનો તથા સેવકોએ રાજાને 'દેવ' શબ્દ વડે સંબોધવો જોઇએ. પરંતુ જો રાજા

હોય તો તેને હંમેશાં 'ભટ્ટ' અથવા 'ભર્તા' શબ્દ વડે સંબોધવો જોઇએ.

(અધ્યાય ૧૯ / શ્લોક ૧૬)

'મુદ્રારાક્ષસ'માં કંચુકી રાજાને, 'માલવિકાગ્નિમિત્ર'માં ગરુડદાસ રાજા અગ્નિમિત્રને તથા 'અભિષેક નાટક'માં વિભીષણ રામ કે જે હજુ રાજા બન્યા નથી તેમને 'દેવ' કહી સંબોધે છે. એજ વિભીષણ રાવણને 'મહારાજા' કહી સંબોધે છે.

'અભિજ્ઞાન શાકુંતલ'માં યવનિ રાજા દુષ્યન્તને 'ભટ્ટા' કહી સંબોધે છે. 'બાલચરિત' માં ગોવાળો સંકર્ષણને તથા નંદગોપા, વાસુદેવને 'ભટ્ટ' કહી સંબોધે છે.

(૨૩)

ઋષિઓએ રાજાને તેના કુલગત નામ વડે (જેમ કે પુરુવંશના રાજાને 'પૌરવ' કહી) સંબોધવો જોઇએ. વિદૂષકે રાજાને 'વયસ્ય' તથા 'રાજન' કહી બોલાવવો જોઇએ, તથા મહારાણી અને તેમની દાસીઓને 'ભવતી' શબ્દ દ્વારા સંબોધવી જોઇએ. રાજાએ વિદૂષકને તેના નામથી અથવા તો પછી 'વયસ્ય' શબ્દ વડે સંબોધવો જોઇએ. (અધ્યાય ૧૮ /શ્લો. ૧૭-૧૮)

'અવિમારક નાટક'માં નારદ રાજાઓને કુલગત નામ વડે સંબોધવાની જગ્યાએ કુંતીભોજ અને સૌવિર રાજા કહી સંબોધે છે.

'અભિજ્ઞાન શાકુંતલ' અને 'માલવિકાગ્નિમિત્ર'માં વિદૂષક 'વયસ્ય' કહી સંબોધે છે. 'રાજન્' સંબોધન આ સંદર્ભમાં જોવા મળતું નથી. 'રત્નાવલી'માં વિદૂષક રાજાને 'ભટ્ટ' કહી સંબોધે છે.

'સ્વપ્નવાસવદત્તા'માં વિદૂષક મહારાણીની દાસીને 'ભોદી' (ભવતી) કહી સંબોધે છે. 'માલવિકાગ્નિમિત્ર' માં વિદૂષક રાણી ધારિણીને 'ભવતિ' કહી બોલાવે છે. 'રત્નાવલી' માં વિદૂષક રાણીની દાસી સુસંગતા ને કહી બોલાવે છે.

સ્વપ્નવાસવદત્તા, અભિજ્ઞાન શાકુંતલ, વિક્રમોર્વશીય વિગેરે નાટકોમાં રાજા વિદૂષકને 'વયસ્ય' કહી સંબોધે છે. મા.અ.માં રાજા વિદૂષકને 'સખે' કહી તથા વિ.ર્શીય'માં 'ભદ્ર' કહીને પણ સંબોધે છે.

(૨૪)

સર્વ સ્ત્રીઓએ યૌવનમાં પોતાના પતિને 'આર્યપુત્ર' શબ્દ વડે સંબોધવો જોઇએ.

પરંતુ કેટલીક અવસ્થાઓમાં પતિને કેવળ 'આર્ય' શબ્દ વડે પણ સંબોધી શકાય. જો પતિ રાજા હોય તો મહારાણીએ 'મહારાજ' શબ્દ વડે સંબોધવા જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૧૯)

અભિ.શા., મા.અ., સ્વપ્નવાસવદત્તા વિગેરે નાટકોમાં 'આર્યપુત્ર' સંબોધન જોવા મળે છે. ચારુદત્ત તથા મુદ્રારાક્ષસની પ્રસ્તાવનામાં નટી સુત્રધારને 'આર્ય' કહી સંબોધે છે. 'ઉરુભંગ' નાટકમાં ગાંધારી ધૃતરાષ્ટ્રને તથા 'વિક્રમોર્વશીય' નાટકમાં ઉર્વશી રાજા પુરુરવાને 'મહારાજ' કહી સંબોધે છે.

(૨૫)

''મોટા ભાઇને' 'આર્ય' શબ્દ વડે તથા નાના ભાઇને પુત્ર સમાન ઉપયુકત શબ્દ વડે સંબોધવો જોઇએ.'' - (અધ્યાય ૧૯ શ્લોક ૨૦)

'પ્રતિમાનાટક'માં લક્ષ્મણ રામને તથા 'વેણીસંહાર'માં સહદેવ ભીમને 'આર્ય' કહી સંબોધે છે. સામાન્યપણે નાના ભાઇ માટે 'વત્સ' સંબોધન સંસ્કૃત નાટકોમાં જોવા મળે છે. જો કે કેટલાક નાટકોમાં નાના ભાઇ માટે અન્ય જુદા પ્રકારનાં સંબોધનો પણ જોવા મળે છે. જેમ કે 'પ્રતિમાનાટક'માં સુમિત્રે તથા 'કૈકેયીમાત:' સંબોધનો પ્રયોજાયાં છે.

પુરુષ પાત્રોનાં વિવિધ સંબોધનો નિરુપ્યા પછી ભરતમુનિ સ્ત્રી પાત્રો માટેના વિવિધ સંબોધનો નિરુપે છે. (શ્લોક ૨૦ ઉત્તરાર્ધ / ૨૧ પુર્વાર્ધ)

સ્ત્રી પાત્રો માટેના સંબોધનો

(૧)

'' તપસ્વિની તથા દેવીને 'ભગવતી' કહી સંબોધવી જોઇએ. (અધ્યાય ૧૯/શ્લોક ૨૧)

'માલવિકાગ્નિમિત્ર' માં રાજા અને 'વિક્રમોર્વશીય'માં કંચુકી વિગેરે પાત્રો, પરિવ્રાજિકા તથા તાપસીને 'ભગવતી' શબ્દ વડે સંબોધે છે.

(૨)

પુજ્ય ગુરુજનની પત્નીઓ અથવા અન્ય સ્થાનીય અર્થાત્ જયેષ્ઠ અવસ્થાવાળી સ્ત્રીઓને 'ભવતી' શબ્દ વડે સંબોધવી જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૨૨)

'પ્રતિમાનાટક'માં સુમંત્ર દશરથની વિધવા રાણીઓને 'ભવત્ય:' કહી સંબોધે છે. 'સ્વપ્નવાસવદત્તા'માં કંચુકી પ્રતિહારીને 'ભવતી' કહી બોલાવે છે.

(૩)

ગ્રામીણ સ્ત્રીને 'ભદ્રે' તથા વૃધ્ધાને 'અમ્બા' (માતા શબ્દથી પણ) સંબોધિત કરવી જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૨૨)

'અવિમારક નાટક'માં અવિમારક કુરંગિકાને 'ભદ્રે' કહી બોલાવે છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં રાજા દુષ્યન્ત પ્રિયંવદાને 'ભદ્રે' કહી સંબોધે છે. 'વિક્રમોર્વશીય'માં રાજા પુરુરવા ચિત્રલેખાને 'ભદ્રે' અને 'ભદ્ર મુખી' બંને શબ્દો વડે સંબોધે છે.

'વિક્રમોર્વશીય' નાટકમાં રાજા પુરુરવા, ઉર્વશી તથા તેમનો પુત્ર આયુષ, તાપસી સત્યવતીને 'અમ્બા' કહી સંબોધે છે.

(૪)

નાટકમાં સેવક તથા પરિચારિકાઓએ રાજાની પત્નીઓને ભટ્ટિની, સ્વામિની તથા દેવી શબ્દો વડે સંબોધવી જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૨૩)

'વિક્રમોર્વશીય'માં નિપુણિકા રાણી ઔશીનરીને 'ભટ્ટિણી' કહી બોલાવે છે. 'રત્નાવલી'માં કંચનમાલા રાણી વાસવદત્તાને 'ભટ્ટિણી' કહી સંબોધે છે. 'પ્રતિમાનાટક'માં ચેટી સીતાને કે જે હજુ રાણી બની નથી તેને 'ભટ્ટિણી' કહી સંબોધે છે, તે નોંધવું ઘટે.

'સ્વામિની' સંબોધન (રાણીના સંદર્ભમાં) સંસ્કૃત નાટકોમાં જોવા મળતું નથી.

'વેણીસંહાર'માં ચેટી રાણી ભાનુમતીને 'દેવી' કહી સંબોધે છે.

(૫)

'' રાજા તથા અન્ય પરિજનોએ પટરાણીને 'દેવી' શબ્દ વડે સંબોધવી જોઇએ. રાજાની શેષ પત્નીઓને પરિજને 'ભટ્ટિણી' અથવા 'સ્વામિની' કહી સંબોધવી જોઇએ.

(અધ્યાય ૧૯ / શ્લોક ૨૪)

'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં રાજા પ્રદ્યોત મહાસેન પટરાણી અંગારવતીને 'દેવી' કહીને બોલાવે છે. 'વેણીસંહાર'માં પરિજન-ચેટી પટરાણી ભાનુમતીને 'દેવી' કહી સંબોધે છે.

'માલવિકાગ્નિમિત્ર'માં નિપુણિકા, રાજા અગ્નિમિત્રની દ્વિતીય પત્ની ઈરાવતીને ભટ્ટિણી કહી બોલાવે છે જ્યારે ખરેખર તો તે સંબોધન, ભરતમુનિના કથન પ્રમાણે પટરાણી ધારિણી માટે પ્રયોજાવું જોઈએ.

(૬)

'' દાસીઓએ અવિવાહિત રાજકુમારીઓ માટે 'ભર્તુદારિકા' સંબોધન પ્રયોજવું જોઈએ. '' (અધ્યાય ૧૯ / શ્લોક ૨૫)

'સ્વપ્નવાસવદત્તા' નાટકમાં ચેટી પદ્માવતીને તથા 'અવિમારક નાટક'માં કુરંગીને 'ભર્તૃદારિકા' કહી બોલાવે છે.

(૭)

'' મોટી બહેનને 'ભગિની' તથા નાની બહેનને 'વત્સે' શબ્દ વડે સંબોધવા જોઈએ. (અધ્યાય ૧૯ શ્લોક ૨૫)

'ભગિની' સંબોધન સંસ્કૃત નાટકોમાં જોવા મળતું નથી. 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં યૌગન્ધરાયણ જયેષ્ઠબંધુની ભૂમિકા ભજવતી વેળા, નાની બહેનની ભૂમિકા ભજવતી રાણીને 'વત્સે' કહી બોલાવે છે.

(૮)

'' બ્રાહ્મણી, સાધ્વી અથવા વ્રતધારિણી સ્ત્રીઓને 'આર્યા' શબ્દ વડે સંબોધવી જોઈએ.' (અધ્યાય ૧૯ / શ્લોક ૨૬)

ભરતમુનિ નિરુપિત આ નિયમ સંસ્કૃત નાટકોમાં જોવા મળતો નથી. 'માલવિકાગ્નિમિત્ર'માં પરિવ્રાજિકા અને 'વિક્રમોર્વશીય'માં તાપસી સત્યવતી 'આર્યા'ની જગ્યાએ 'ભગવતી' સંબોધન પામ્યા છે. 'મધ્યમવ્યાયોગ'માં ઘટોત્કચ, બ્રાહ્મણની પત્નીને 'આર્યા'ની જગ્યાએ 'ભવતી' કહી બોલાવે છે. 'સ્વપ્નવાસવદત્તા'માં વાસવદત્તા તાપસીને અય્યે (આર્યે) કહી સંબોધે છે.

(૯)

'' પોતાની ધર્મપત્નિને 'આર્યા' શબ્દ વડે અથવા તો તેના પિતા કે પુત્રના નામનો ઉલ્લેખ કરી સંબોધવી જોઈએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૨૭)

'મૃચ્છકટિક' તથા 'માલતી માધવ'માં સૂત્રધાર પોતાની પત્નીને 'આર્યા' કહી સંબોધે છે. 'મથરાપુત્રી' કે 'સોમેશ્વર જનની' જેવાં સંબોધનો સંસ્કૃત નાટકોમાં જોવા મળતાં નથી.

(૧૦)

'' સમવયસ્ક સખીઓએ પરસ્પર 'હલા' શબ્દ વડે સંબોધવી જોઇએ.''
(અધ્યાય ૧૯ / શ્લોક ૨૭)

'અભિજ્ઞાન શાકુંતલ'માં પ્રિયંવદા પોતાની સમવયસ્ક સખી શકુંતલાને હલા કહી સંબોધે છે.

'વિક્રમોર્વશીય'માં મેનકા અને રંભા એકબીજાને હલા કહી બોલાવે છે.

(૧૧)

'' ઉત્તમ સ્ત્રીઓએ પ્રેષ્યા અર્થાત પોતાની સેવિકા અથવા દાસીને 'હંજે' શબ્દ વડે સંબોધવી જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૨૭)

'પ્રતિમાનાટક'માં સીતા પોતાની દાસીને તથા 'માલવિકાગ્નિમિત્ર'માં ઇરાવતી નિપુણિકાને 'હંજે' કહી બોલાવે છે.

(૧૨)

'' પરિચારકો, સેવકો વિગેરેએ 'વેશ્યાને' જો તે યુવાન હોય તો 'અજ્જુકા' શબ્દ વડે અને જો તે વૃધ્ધા હોય તો 'અત્તા' શબ્દ વડે સંબોધવી જોઇએ.
(અધ્યાય ૧૯ / શ્લોક ૨૯)

'' ચારુદત્ત'માં દાસી, ગણિકાને 'અજ્જુકા' કહી સંબોધે છે. પાછળથી 'અજ્જુકા' શબ્દ ગણિકાનો પર્યાય બની ગયો જેમ કે બોધાયન કવિના પ્રહસન 'ભગવદ્ અજ્જુકીયમ્' ના શીર્ષમાં હઅજ્જુકા' શબ્દ ગણિકાના પર્યાય રુપે પ્રયોજાયેલો છે. મૃચ્છકટિકમાં 'અત્તા' શબ્દ 'અત્તીઆ' રુપે જોવા મળે છે.

(૧૩)

'' પ્રણયાવસ્થામાં રાજા સિવાયના અન્ય પુરુષ પાત્રોએ પોતાની પત્નીને 'પ્રિય' શબ્દ વડે સંબોધવી જોઇએ. પરંતુ પુરોહિત અને સાર્થવાહની પત્ની સદા 'આર્યે' કહી

સંબોધાવો જોઇએ.'' (અધ્યાય ૧૯ / શ્લોક ૨૯)

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકમાં શકુંતલાને દુષ્યન્ત 'પ્રિયે' કહી સંબોધે છે પણ અહીં પ્રસંગ શૃંગારનો નથી. 'સ્વપ્નવાસવદત્તા' માં વાસવદત્તાના વિરહમાં તડપતો રાજા ઉદયન વાસવદત્તા માટે 'હા પ્રિયે' એવું સંબોધન પ્રયોજે છે.

પુરોહિત અને સાર્થવાહની પત્ની માટે 'આર્યા' સંબોધન સંસ્કૃત નાટકમાં જોવા મળતું નથી.

ભરતમુનિ દ્વારા નિરુપિત આ 'સંબોધન વિધાન' પુરુષ તેમજ સ્ત્રી પાત્રોને તેમની સામાજિક પ્રતિષ્ઠા, આચાર-વ્યવહાર કલા તેમજ વ્યવસાયના આધારે વિશિષ્ટ વ્યકિતત્વ પ્રદાન કરે છે એમ કહી શકાય.

પાત્રોનાં નામ

'સંબોધનવિધાન' ઉપરાંત ભરતમુનિએ પાત્રોની વિભિન્ન જાતીઓ તથા સામાજિક સ્તરના આધારે પાત્રો માટે તદાનુરુપ 'નામવિધાન' પણ નિરુપ્યું છે, જેનાથી પાત્રોના કર્માદિ અનુરુપ નામકરણ પધ્ધતિનો આભાસ પણ મળે છે.

આ 'નામવિધાન' મુખ્યત્વે કલ્પિત પાત્રો માટે છે, ઐતિહાસિક અથવા પૌરાણિક કથાનકોના પ્રસિધ્ધ પાત્રો માટે નહીં. ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે -

તલ્લિંગયોનિ નામાની કાર્યાણિ કવિભિઃ સદા ।
ઔત્પત્તિકાનિ યાનિ સ્યુર પ્રખ્યાતાનિ નાટકે ॥
-(અધ્યાય ૧૯ / શ્લોક ૩૦)

નાટ્યકારે નાટકમાં અપ્રખ્યાત પાત્રો માટે એવાં નામ કે જે કલ્પિત હોય તો તેવાં નામ પાત્રના ગુણ વિગેરેથી સંબંધિત રાખવા જોઇએ.

(૧)

બ્રાહ્મણ તથા ક્ષત્રિય પાત્રોનાં નામ

'' બ્રાહ્મણ તથા ક્ષત્રિય પાત્રોનાં નામ તેમના ગોત્ર તથા કર્મને અનુરુપ રાખવાં જોઇએ તથા નામના અંતે શર્મન્ અથવા વર્મન્ શબ્દો રાખવા જોઇએ. (અધ્યાય ૧૯/શ્લોક ૩૧)

પ્રસિધ્ધ સંસ્કૃત અને પ્રાકૃત નાટકોમાં આ પરંપરા જોવા મળતી નથી.

(૨)

વૈશ્ય તથા શૂરવીર પાત્રોનાં નામ

'' વૈશ્ય પાત્રનાં નામ 'દત્ત' શબ્દથી યુક્ત અને શૂરવીરોના નામ તેમના શૌર્ય, ઔદાર્ય વિગેરે ગુણોનાં સૂચક હોવા જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૩૨)

વૈશ્ય માટે 'દત્ત' ઉપાધિનું વિધાન છે પરંતુ 'ચારુદત્ત' અને 'મૃચ્છકટિક' નાટકોમાં 'ચારુદત્ત' વ્યવસાયે વૈશ્ય છે પણ જાતિથી બ્રાહ્મણ છે. શૂરપાત્રો માટે કર્માનુરુપ નામનું વિધાન છે. મૃચ્છકટિકનો 'વીરક' તદાનુરૂપ જ છે. 'માલવિકાગ્નિમિત્ર' માં વીરસેન નામ પણ કર્માનુરુપ છે.

(૩)

રાણી તથા વેશ્યાનાં નામ

'' રાણીઓનાં નામ 'વિજય' અર્થનો સંકેત કરનારાં હોવા જોઇએ. વેશ્યાઓનાં નામ 'દત્તા, મિત્રા તથા સેના' શબ્દાન્તવાળાં હોવા જોઇએ. (અધ્યાય ૧૯ / શ્લોક ૩૩)

સંસ્કૃત નાટકોમાં રાણીઓના નામ વિજયવાચક જોવા મળતાં નથી. 'સ્વપ્નવાસવદત્તા' માં વાસવદત્તા નામ રાણીનું છે, વેશ્યાનું નહિ. છતાં નામના અંતે 'દત્તા' શબ્દ મળે છે. જે નિયમનું ઉલ્લંઘન સૂચવે છે. 'મિત્રા' શબ્દાન્તવાળું વેશ્યા માટેનું નામ સંસ્કૃત નાટકોમાં જોવા મળતું નથી. ભાસના 'ચારુદત્ત'માં તથા શુદ્રકના 'મૃચ્છકટિક'માં ગણિકા 'વસન્તસેના'ના નામને અંતે 'સેના' શબ્દ પ્રયોજાયો છે જે નિયમાનુરુપ છે.

(૪)

પ્રેષ્યાઓના નામ

'' નાટકમાં પ્રેષ્યાઓ અર્થાત્ દાસીઓનાં નામ પુષ્પવાચક રાખવાં જોઇએ.''
(અધ્યાય ૧૯ / શ્લોક ૩૪)

'અવિમારકનાટક'માં નલીનિકા તથા 'સ્વપ્નવાસવદત્તા'માં 'પદ્મિનિકા' નામો પુષ્પવાચક છે. આ બંને દાસીઓ છે.

(૫)

ચેટનાં નામ

'' નાટકમાં ચેટ વિગેરેનાં નામ મંગલાર્થક હોવા જોઇએ. (અધ્યાય ૧૯/શ્લોક ૩૪)

'અવિમારક નાટક'માં રાજાના સેવકનું નામ જયસેના છે.

(૬)

ઉત્તમ પાત્રોનાં નામ

'' ઉત્તમ પાત્રોના નામ કોઇ ગંભીર અર્થના સૂચક રાખવા જોઇએ કારણ કે તેમનાં કાર્યો તેમના નામને અનુરુપજ નાટકાદિમાં રહે છે.'' (અધ્યાય ૧૯ /શ્લોક ૩૫)

(૭)

અન્ય પાત્રોનાં નામ

'' શેષ પાત્રોનાં નામ તેમના જન્મ, જાતિ તથા કાર્ય અનુસાર રાખવા જોઇએ.''

(અધ્યાય ૧૯ શ્લોક ૩૬)

'' સ્વપ્નવાસવદત્તા'માં બ્રહ્મચારી, 'ચારુદત્ત'માં વિટ, 'પ્રતિમા નાટક'માં દેવકુલિકા તથા સુધાકર નામો તેના ઉદાહરણો છે.

નામવિધાનના અંતે ભરતમુનિ જણાવે છે કે નાટ્યકારે પોતાની રચનામાં આ વિધાન અનુસાર પાત્રોનાં નામ રાખવા જોઇએ (અધ્યાય ૧૯/શ્લોક ૩૬) પરંતું સંસ્કૃત નાટ્યરચનાઓમાં કેટલાક અપવાદ બાદ કરતાં 'નામવિધાન'નું ચુસ્તપણે અનુકરણ થયેલું જોવા મળતું નથી. કદાચ નાટ્યશાસ્ત્રીય અધ્યયન કે પ્રાચીન શાસ્ત્રીય પરિપાટીની શિથિલતા મૂળભૂત કારણ હોઇ શકે. અથવા તો એમ પણ બને કે આ નિયમોની વધારે અપેક્ષા ન રહેવાને લીધે કદાચ તેની ઉપેક્ષા કરવામાં આવી હોય.

આમ ભાષાવિધાન અને સંબોધનવિધાન અંતર્ગત ભરતમુનિ, નાટકમાં આવતા વિવિધ પાત્રો દ્વારા પ્રયોજાતી ચતુર્વિધ ભાષા તથા પાત્રોને થતાં સંબોધનો અને પાત્રોના નામ સંબંધી ચર્ચા કરે છે જે નાટ્યકવિ તથા નાટ્યપ્રયોક્તા બંને માટે ઉપયોગી છે.

અન્ય ગ્રંથોમાં સંબોધન વિધિ અને નામવિધાન

પાત્રોના સંબોધનવિધિ તથા નામવિધાન સાગરનન્દીના 'નાટકલક્ષણરત્નકોશ'માં પણ મળે છે જે બહુધા ભરતાનુસારી છે. આ ઉપરાંત 'નાટ્યદર્પણ'માં પણ સંબોધનવિધિ તથા નામવિધાન મળે છે જે નિતાન્તપણે ભરતાનુસારી છે.